



સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં આવેલ પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે યોજાયેલ સુરક્ષા સેતુ સાબરકાંઠા આયોજિત સુરક્ષા રંગતાળી -૨૦૧૬માં શનિવારે સાતમે નોરતે યુવાન, યુવતી અને બાળકો ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘૂમ્યા હતા.

# અરવલ્લીમાં ઝગમગાટ રોશની વચ્ચે ખેલૈયાઓમાં અનેરો થનગનાટ

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા અને મુખ્ય મથક મોડાસા શહેરમાં નવરાત્રીની શરૂઆતથી મેઘરાજા વિઘ્ન બન્યા હતા. તો બીજી તરફ વરસાદ પડતા ભૂમિપુત્રોમાં આનંદની લાગણી વ્યાપી હતી. સાંજ પડે ને વરસાદના આગમનના ભણકારા વાગતા ગરબા મહોત્સવના આયોજકો અને ખેલૈયાઓના માથે ચીંતાના વાદળો છવાઈ ગયા હતા. પરંતુ છેલ્લા બે દિવસથી મેઘરાજાએ વિરામ લીધો છે. ત્યારે જિલ્લાના વિવિધ શહેરો અને ગામડાઓમાં ગરબા ગ્રાઉન્ડ તેમજ શેરી ગરબામાં યૌવનધન ઝૂમી ઉઠ્યુ હતુ. વરસાદે પોરો ખાતા યુવાનો અને યુવતીઓ શોળે કલાએ ખીલી ઉઠ્યા હતા.

મોડાસા શહેર અને તમામ ગ્રામ્ય વિસ્તારોમાં ભક્તિ, શક્તિ અને આરાધના સાથે આનંદ ઉલ્લાસ પ્રદાન કરતા નવલી નવરાત્રીની રંગત શેરીઓ, સોસાયટીઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં ગરબાની રમઝટ જામી છે. જિલ્લામાં આવેલા તમામ માતાજીના મંદિરો, શેરીઓ, ગરબા ગ્રાઉન્ડો રોશનીથી ઝળહળી ઉઠ્યા છે. જિલ્લાના ચોકમાં ગરબા મેદાનોમાં માઈ ભક્તો ગરબાની રમઝટમાં ગરબે ઘૂમી રહ્યા છે. નગરમાં કલ્યાણચોક, રામપાર્ક સોસાયટી મેદાન, સહકારી જીન, ઉમીયા માતાજીના પટાંગણ અને કુમકુમ પાર્ટી પ્લોટમાં સંગીતની સુરાવલીઓ વચ્ચે ગરબાની રમઝટ જામી છે. ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી ખીચોખીચ જોવા મળી રહ્યા છે. યુવાન ખેલૈયાઓ અવનવા ટ્રેડીશનલ ડ્રેસ અને નીતનવી વિવિધ ગરબાની સ્ટાઈલથી પ્રજાજનોના દિલ જીતી રહ્યા છે. મોડાસા શહેરમાં વરસાદના વિઘ્નએ ધોઈ નાખેલી નવરાત્રીના દિવસોને સરભર કરવા ખેલૈયાઓ મોડી રાત્રી સુધી મેદાનમાંથી હટવાનુ નામ લેતા નથી. સતત સંગીતની સુરાવલીઓ વચ્ચે ખેલૈયાઓના મન, પગ, તન થીરકી રહ્યા છે. છેલ્લા બે નોરતા માટે ખેલૈયાઓએ તડામાર તૈયારીઓ સાથે રાત્રી દરમ્યાન ગરબા રમ્યા બાદ દિવસભર પ્રેકટીસ કરી રહ્યા છે. વિવિધ ગરબા આયોજક મંડળ દ્વારા હરિફાઈમાં વિજેતા બનવા ખેલૈયાઓ નિરિક્ષકોને રીઝવવા અવનવી સ્ટાઈલ, ગરબા અને રાસોત્સવ રમી રહ્યા છે.






સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના કાલીપુરા ગામે વર્ષો પુરાણું મહાકાલી માતાજીનું મંદિર આવેલું છે જ્યાં આસોની નવરાત્રી સુદને આઠમે ભવ્ય મેળો ભરાય છે જ્યાં આજુબાજુના ગામો સહીત રાજયભરમાંથી ભક્તો ઉમટી પડે છે દર્શન કરવા અને માનતા પૂર્ણ કરવા અને જ્યાં લોકમેળો પણ ભરાય છે. અહિયાં આઠમે મહાકાલી મંદિરમાં માનેલી પારણાની માનતા કે લગ્નની માનતા પૂર્ણ થતા ગોળ, સાકર, પેડામાં તોલે છે અને ખાસ કરીને માનેલા ગરબા જેમાં માટીના કે તાંબાના ગરબાને રંગ અને ફૂલોથી સજાવેલા ગરબા પૂજન અર્ચન કરી દીપ પ્રગટાવી અહી મુકવામાં આવે છે.

# ઘડકણમાં સમુહ આરતી સહિત ગરબા રસિકો દ્વારા ગરબાની રમઝટ જામી

## આખા ગામમાં એક જગ્યાએ વર્ષોથી નવરાત્રી થાય છે : મોડી રાત સુધી ખેલૈયાઓ મન મુકીને ગરબે ગુમ્યા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ નોરતાથી જ મેઘરાજાએ નવરાત્રીમા ખૈલેયાઓના રંગમાં ભંગ પાડતાં ખૈલેયાઓ ઉદાસ જોવાં મળ્યાં હતાં ત્યારે છઠ્ઠા નોરતેથી મેઘરાજા વિરામ લેતાં પ્રાંતિજ સહિત તાલુકામાં નવલી નવરાત્રીનો રંગ જામ્યો છે. ત્યારે પ્રાંતિજ તાલુકાના ધડકણમાં પણ ગરબા રસિકો દ્વારા ગરબાની રમઝટની સાથે મા ની સમૂહ આરતી યોજાઈ હતી.

પ્રાંતિજના ધડકણ ખાતે વર્ષોથી ચાલી આવતી પરમપરા આજે પણ અંકબંધ છે અને આખાં ગામમાં એકજ જગ્યાએ નવરાત્રી યોજાય છે. અને મા ના ચોકમાં ગામમા રહેતા તથા આજુબાજુમાંથી દરેક સમાજના લોકો એકજ સ્થળે ગરબે ધુમતા હોય છે ત્યારે નવરાત્રી ચોકમા ગરબા રસિકોની લાંબી લાંબી કતારો જોવાં મળી હતી અને નવલી નવરાત્રીમા માત્ર એક દિવસ જ બાકી હોય ખૈલેયાઓ મન મુકીને ગરબે ધૂમતા નજરે પડ્યા હતાં અને હૈયે હૈયુ દળાય તેવી ખૈલેયાઓની ભીડ જોવાં મળી હતી ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ આઠમની મહાસમૂહ આરતી યોજાયી હતી જેમાં ૫૦૦ થી પણ વધારે માંઈ ભકતોએ મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.




# વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે શ્રી નાગણેજી માતાનું મંદિર

## કોમી એકતા અને સર્વધર્મ સમભાવના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવતા ભાવિક ભક્તો

પાલનપુર, તા. ૯

પાલનપુરના નવાબે બંધાવેલુ સર્વ ધર્મ સમભાવના પ્રતિક સમુ ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર આજે હવનાષ્ટમી નિમિત્તે શ્રદ્ધાળુઓ માટે ખુલ્લુ મુકાયુ હતુ. વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે હવનાષ્ટમી નિમિત્તે ૨૧ શ્રીફળનો હવન થાય છે.

નવરાત્રી આઠમ એટલે કે, હવનાષ્ટમી નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પુજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જોકે પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલુ શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગ પાંચમ અને નવરાત્રી આઠમ સહિત વર્ષમાં માત્ર બે જ વખત જ ખુલે છે.

નવરાત્રી આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે લોક કલ્યાણ અર્થે એકવીસ શ્રીફળનો હવન થાય છે. જેની મધ્યરાત્રીએ પૂર્ણાહૂતિ થાય છે. આમ, પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબી કાળનું શ્રીનાગણેજી માતાનું મંદિર કોમી એકતાની મિશાલ પુરી પાડી રહ્યું છે.





# બનાસકાંઠા ભાજપ પ્રમુખના નામે ખોટા પત્ર વાયરલ

બનાસકાંઠા જિલ્લામાં રાજકીય આગેવાનો તથા બીજા સામાજીક આગેવાનોના સરનામે પોસ્ટ દ્વારા પત્ર મોકલી તથા સોશીયલ મીડીયામાં એક ટાઈપ કરેલ પત્ર બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ મેરૂજી રૂડાજી ધુંખના નામની ખોટી સહી કરી તેમનો નીચે મોબાઈલ નંબર લખી મોકેલલ જે પત્રની જાણ થતાં તેઓએ પત્ર વાંચતા તેમાં ખુબ જ ખરાબ અને અશ્લીલ ભાષામાં સમગ્ર ચૌધરી સમાજની બહેનોના ચારીત્ર ઉપર ઘા કરેલ અને ચૌધરી સમાજના રાજકીય તથા સામાજીક આગેવાનો બીજા સમાજો પ્રત્યે અણગમો રાખે છે. તેવું બતાવવા ભારે પ્રયાસ કરેલ છે અને તેમ કરી ચૌધરી સમાજના રાજકીય સામાજીક આગેવાનોની બદનક્ષી થાય અને લાગણીઓ દુભાય અને તેના કારણે બનાસકાંઠા જિલ્લાના બે મોટા સમાજો એટલે કે ચૌધરી સમાજ અને કોળી ઠાકોર સમાજ વચ્ચે વર્ગ વિગ્રહ અને વૈમનસ્ય ફેલાય તેવુ સુયોજિત કાવતરૂ રચેલ પત્રમાં લખાણ કરેલ હતુ અને આ પત્ર વાયરલ થતાં ઘણા આગેવાનોના તથા આ લાગણી દુભાયેલ ચૌધરી સમાજના માણસોના ફોન આવેલ અને તેમાં આ પત્ર તમે લખાણ કરેલ છે તેવી પુછપરછમાં ખુબજ આક્રોશ અને ભવિષ્યમાં મેરૂજીના જાનનું જોખમ રહેલ હોય તેવું સ્પષ્ટ જણાતા મેરૂજીએ પોલીસ અધિક્ષકશ્રીને લેખીત અરજી આપતા પોલીસ અધિક્ષક નિરજ બડગુજર સાથે આ બાબતને ખુબજ ગંબીરતાથી લઈ પો.ઈન્સ. એલ.સી.બી. પાલનપુરને ઈન્કવાયરી સોંપી આવા ઘણા પત્રો આવેલ હોઈ આ એક બે કોમોને ઝગડાવવાનું અને મોટા પાયે ખુના મરકી થાય તેવું સુયોજીત કાવતરૂ જણાતા આ અંગે મેરૂજી રૂડાજી ધુંખે પાલનપુર સીટી ફ.ગુ.ર.નં. ૯૮/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૧૧૭, ૨૦૦, ૪૬૯, ૫૦૦, ૫૦૫(ગ), તથા આઈ.ટી. એક્ટ ૬૬સી, ૬૬ડી, ૬૭ મુજબ ગુનો દાખલ કરાવેલ છે અને આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કરેલ છે.

# સલાલની મહિલાને વિજકરંટ લાગતા ઘટનાસ્થળે મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે રહેતા આશાબેન નટવરસિંહ મકવાણા તેવોને વિજકંરટ લાગતાં સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું.

પ્રાંતિજના સલાલ ગામે રહેતાં આશાબેન નટવરસિંહ મકવાણા ઉ.વર્ષ- ૩૦ ખેતરમાં ઘાસચારો લેવા સવારે જઈ રહ્યા હતા ત્યારે એક ખેતર પાસેથી પસાર થતાં કાંટાની તારની વાડને અડકી જતાં તેમણે વિજ કરંટ લાગ્યો હતો અને તેમણુ સ્થળ ઉપર મોત નિપજ્યું હતું જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં લીલાબેન અમરાજી કાળાજી મકવાણા દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે લીલાબેનની ફરીયાદના આધારે કોઈ કારણોસર મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી ત્યારે સાચી હકીકત તો પી.એમ.રીપોર્ટ બાદ અને પોલિસ તપાસ બાદ પ્રકાશમાં આવશે.





મા આદ્યશક્તિ મા જગદમ્બાના નવલા નોરતાની નવરાત્રી મહોત્સવ રંગેચંગે આરંભ થઈ ગયો છે. બનાસકાંઠાનાં પાલનપુર, અંબાજી, ડીસા, ધાનેરા, વડગામ, દાંતીવાડા, પાંથાવાડા, શ્રી અમીરગઢ, થરાદ, વાવ, સિહોરી સહિત સર્વત્ર લોકો ગરબા મસ્ત બન્યા છે. પાલનપુરનાં બ્રિજેશ્વર કોલોની ભાગ્યોદય, પોલીસ હેડ કવાર્ટર, ફાઈન આર્ટસ કોલેજ, રોટરી ડાયમંડ સીટીનાં ઝાંઝર, હાઈવેની સોસાયટીઓ, મોટી બઝાર, ત્રણ બત્તી, જુના નવા લક્ષ્મીપુરા, બેચરપુરા, ગણેશપુરા, કમાલપુરા, ગઠામણ દરવાજા, વિજય હનુમાન મંદિર, વેરાઈ માતા, બ્રહ્માનવાસ, બેંક સોસાયટી, કોલેજ કમ્પાઉન્ડ, અંબાજી મંદિર, કીર્તિ સ્તંભ, સ્વપ્રીલ ફ્લેટ, રેલ્વે પોલીસ સ્ટેશન, સુખબાગ રોડ, સર્વત્ર નવરાત્રીની રમજટ જામી છે. ખાણી પીણી કરવા પણ લોકોની ભીડ મોડી રાત સુધી જામી છે.